Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-3,December-2017

# કચ્છી ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણવર્માનું ભારતની આઝાદીની ચળવળમાં પ્રદાન

ડૉ. કૃપા વી. ચૌધરી
ઈતિહાસ વિભાગ
તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,
આદીપુર (કચ્છ)

માનવીના જીવન માટે જેટલું શિક્ષણનું મહત્વ જરૂરી છે.તેટલી જ અગત્યની બાબત છે સંસ્કારોનું સિંચન,સંસ્કારોનું સિંચન કરીએ તો માનવીનું ઘડતર સુંદર રીતે થાય છે.આજ સંસ્કારો વડે માનવ પોતાના કુટુંબ,સમાજ તેમજ પોતાની માતૃભુમી ભારતમાતાની રક્ષા કરે છે.પોતાની માતૃભુમી ભારતમાને કાજે મરી ફીટવાની પ્રેરણા પણ એજ સંસ્કારોમાંથી જ મળે છે.

રાષ્ટ્રની આઝાદી કાજે બલીદાન આપનારા સ્વાતંત્રવીરો ક્રાંતિકારી માનવોની જીવનગાથા તથા બલીદાનોની કથા સહુ માટે પ્રેરણા આપનારી બની રહેતી હોય છે. રાષ્ટ્ર માટે સર્વસ્વ બલીદાન કરનારા ચરિત્રો જનસમાજની પ્રેરણાભૂમિ છે. ભારતના સ્વાતંત્ર સંગ્રામમાં જે જે ક્રાંતિકારીઓએ પોતાનું જીવન સમર્પિત કર્યું છે એમના એક તે શ્યામજી કૃષ્ણવર્મા ! એમના મહાન અર્પણની પાછળ સાહસ, શૌર્ય અને ધૈર્ય હતા. એમણે અપાર કષ્ટો સહન કર્યા પણ મુખમાંથી ‘વન્દેમાતરમ’ અને ‘ભારતમાતાકી જય’ ના જયઘોષ જ નીકળતા. ‘આહ’ ક્યારેય નહી !

ઈ.સ.૧૮૫૭ના ઓક્ટોબર માસની ૪ તારીખે કચ્છના માંડવી શહેરમાં ભણસાલી જ્ઞાતિનાં એક ગરીબ ઘરમાં શ્યામજીનો જન્મ થયો. શ્યામજી જયારે નાની ઉમરના હતાં ત્યારે તેમના પિતા મુંબઈમાં મજુરી કરી પેટ ગુજરાન ચલાવતા અને થોડું બચાવીને પોતાના દેશમાં (કચ્છ-માંડવી) મોકલતા શ્યામજીએ કિશોરાવસ્થામાં પગ મુક્યો કે તેમના માં-બાપ અવસાન પામ્યા. એટલે થોડો અભ્યાસ માંડવીમાં કર્યા બાદ ભૂજમાં પંડ્યા શિવજીભાઇ વકીલને ઘેર સુસંસ્કૃત વાતાવરણમાં તેમને રહેવાનો મોકો મળ્યો. ત્યાં

સંસ્કૃત સાથે અંગ્રેજી વિષયમાં ત્રણ ધોરણ સુધીનો અભ્યાસ પૂણ કર્યો સંસ્કૃતનાં અભ્યાસમાં એ બહુ તેજસ્વી જણાતાં મુંબઈના શેઠ મથુરદાસની એમના પર નજર પડી અને ઈ.સ.૧૮૭૪માં એઓ શ્યામજીને મુંબઈ લઈ ગયાં. અહી સંસ્કૃતનાં બે પુસ્તકનું સુંદર ભાષાંતર કરી અધ્યાપકોને વિસ્મિત કરી દીધા અને 'પંડિત' નું બિરુદ પ્રાપ્ત કર્યું.

શેઠ મથુરદાસના પ્રયાસે શ્યામજીને એક "ગોકુળદાસ કહાનદાસ પારેખ છાત્રવૃત્તિ" મળી અને એમણે વિલ્સન હાઇસ્કુલમાં પ્રવેશ મેળવ્યો. દરેક વર્ષ વર્ગમાં એમને પ્રથમ નંબર મળતો ગયો અને બીજી બાજુ શાસ્ત્રી વિશ્વનાથની પાઠશાળામાં સંસ્કૃતમાં પારંગત થવા માંડ્યાં પાછળથી તેઓં એલ્ફીસ્ટંન હાઇસ્કુલમાં જોડાયા. ઈ.સ.૧૮૭૫માં મુંબઈના શ્રીમાન છબીલભાઈ લલ્લુભાઈની વિદુષી પુત્રી ભાનુમતી સાથે શ્યામજી વર્માનાં લગ્ન થયાં.

ઈ.સ.૧૮૭૪માં સ્વામી દયાનંદ સરસ્વતી મુંબઈ આવ્યા અને ૧૮૭૫ની ૧૦મી એપ્રિલે આર્ય સમાજની સ્થાપના કરી ત્યારે તેઓ શ્યામજી કૃષ્ણવર્મા મળ્યા. એમને સ્વામીજીએ ભારતીય સસ્કૃતિનું જ્ઞાન પશ્ચીમમાં ફેલાવવા જણાવ્યું સને ૧૮૭૯માં ઓક્સફડ યુનિવસીટીના સંસ્કુતના પ્રોફેસર સર.મો.મોનીયોર વિલિયમ્સ એમને પોતાની સાથે લંડન લઈ ગયા અને વિલાયતમાં શ્યામજીએ સંસ્કુતના આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે નોકરી કરવાની સાથે સાથે યુરોપની ભાષાઓનો અભ્યાસ કરીને સને ૧૮૮૨માં બી.એ.ની ડીગ્રી પ્રાપ્ત કરી.

મુંબઈના ગવર્નરે કચ્છના રાજવીને શ્યામજી કૃષ્ણવર્મા વિશે વખાણ કરતો પત્ર લખ્યો એટલે ત્યાંથી સો પાઉન્ડની શિષ્યવૃતિ મળવા માંડી. આ જ સમયે 'રોયલ એશિયાટિક સોસાયટી'એ ભાષણ માટે આમંત્રણ આપેલું. હિંદમાં લેખનકળાની શરૂઆત એ વિષય પરના ભાષણથી યુરોપીયનનો મંત્રમુગ્ધ થઈ ગયા.સને૧૮૮૪માં જ તેમણે એમ.એ.ની ડીગ્રી મેળવી તથા બેરીસ્ટર પણ થયા.૧૮૮૨માં પત્ની ભાનુમતી સાથે હિંદ પાછા ફર્યા.

રતલામના રાજવીએ એમને પોતાના દિવાન બનાવ્યાં. રતલામથી એ મુંબઈ, ઉદેપુર અને પછી જૂનાગઢ રાજ્યનાં દીવાન બન્યાં. પરંતુ એમને ઘણા કડવા અનુભવો થયા. હિન્દુસ્તાનની મુક્તિ માટે શ્યામજી લોકમાન્ય તિલકને પણ મળ્યા અને હિંદની મુક્તિ માટે ચર્ચા કરી.ઈ.સ.૧૯૦૫ સુધીમાં તો શ્યામજીએ સ્વાતંત્રજંગની અનેકવિધ પ્રવુતિઓ – હોમરૂલ સોસાયટીની સ્થાપના, 'ઇન્ડીયન સોશ્યોલોજીસ્ટ' માં પત્રનો પ્રારંભ, 'ઇન્ડિયા હાઉસ' મકાનની ખરીદી ભારતથી આવતા દેશભક્ત વિધાર્થીઓને શિષ્યવૃતિ

અને અન્ય વ્યવસ્થા એમ વિસ્તરવા માંડી. તેમાં તેમને અનેક સથીઓનો પરિચય થયો જેમાંના બે ગુજરાતીઓ હતાં. સરદારસિંહ રણા અને માદામ કામા.

આ વર્ષોમાં તેમનાં જીવનની બે નિર્ણાયક ઘટનાઓ બની.એક, સુરતનાં જીવનચંદ ઉત્તમચંદ ઝવેરી સાથે હીરા-ઝવેરાતનો વ્યવસાય કરવાનું આકર્ષણ અને બીજું,પંડિત શ્યામજી કુષ્ણવર્મા સાથેનો સંપર્ક, પ્રથમ ઘટનાએ આર્થિક ધરપત કરી.બીજીએ સ્વાતંત્ર્યજંગ માટે સાબદા કર્યા.બીજા સાથી માદામ કામા. ૨૪સપ્ટેમ્બર, ૧૮૬૯માં સોરાબજી ફરામજી પટેલને ત્યાં જન્મેલાં પારસી પરિવારની આ લાડકી કન્યાનાં લગ્ન રૂસ્તમ કામા સાથે થયાં. શરૂઆતથી જ મેડમ ભીખાજી કામાની તબિયત નાજુક હતી. તેથી તેઓ ૧૮૯૧માં યુરોપના પ્રવાસે ગયાં અને તેમણે યુરોપ-અમેરિકાને પોતાની કર્મભૂમિ બનાવી. આર્યલેન્ડ, રશિયા અને મિસરના દેશભક્તોનો સંપર્ક સાધીને તેમણે ભારતની મુક્તિફોજનાં મંડાણ કર્યા. આ દરમ્યાન શ્યામજી અને સરદારસિંહ સાથે તેમનો સંપર્ક થતાં, પ્રવુતિઓમાં રંગ ઘૂંટાયો.

લંડનમાં શ્યામજીનું ઘર ભારતથી આવેલાઓ માટે ‘રાજકીય તીર્થ’ જેવું બનવા લાગ્યું હતું. સરદાર અજીતસીંઘ શિકાગોની ધર્મ પરિષદમાં આવેલાત્યારે તેમણે અને વીરચંદ ગાંધીએ ત્યાંની મુલાકાત લીધી. શ્યામજીએ વીરચંદ ગાંધી સમક્ષ જૈન ધર્મનાં અહિંસા સિદ્ધાંતનો પ્રતિકાર કર્યો.૧૮૯૮માં ટ્રાન્સવાલમાં બ્રિટીશ સત્તા વિરુધ્ધ લોઅર પ્રજાએ વિદ્રોહ કર્યો તેમાં પણ શ્યામજી ઉદારમતવાદીઓની સાથે જોડાયા શ્યામજીનો તિલક સાથે ઘનિષ્ઠ પરિચય છેક ૧૮૯૫-૯૬થી જ બંધાયો હતો. ઈંગ્લેન્ડમાં શ્યામજીએ “હોમરુલ ફોર ઇન્ડિયા” સૂત્ર આપ્યું, “ઇન્ડીયન હોમરુલ સોસાયટી” સ્થાપી અને એના પ્રમુખ બન્યા, “ઇન્ડીયન સોશીયોલોજીસ્ટ” નામનું અખબાર પણ શરૂ કર્યું, જે હિંદની સ્વાતંત્રતા માટે યુરોપમાંથી પહેલ વહેલું પત્ર હતું અને એના પ્રથમ ક્રાંતિકારી પત્રકાર એટલે પંડિત શ્યામજી કુષ્ણ વર્મા. એમણે કેટલીક શિષ્યવૃત્તિઓ પણ જાહેર કરી. ભારતીય યુવાનો બ્રિટન ભણવા આવે તેમને માટેની એ શિષ્યવૃત્તિઓ હતી એનાં નામ પણ “રાણા પ્રતાપ શિષ્યવૃત્તિ” “શીવાજી શિષ્યવૃત્તિ” વગેરે હતાં.

લંડનમાં ઈ.સ.૧૯૦૫ ની ૧૮ મી ફેબ્રુઆરીએ ‘ઇન્ડીયન હોમરુલ સોસાયટીની સ્થાપના શ્યામજી કૃષ્ણવર્મા અને સાથીઓએ કરી.આ સંસ્થાના પ્રમુખ તરીકે શ્યામજી ચૂંટાયા બેઠકમાં હાજર રહેલાઓમાં ડૉ.મુથુ, ડૉ.પરેશ, જે.એમ.પારેખ, જે.સી.મુકરજી,મુકુંદરાય જયકર, સરદારસિંહ રાણા, પરમેશ્વરી વર્દી વગેરે હતા.લંડનથી પ્રકાશિત થતા ‘જસ્ટિસ’ સામાયિકના તંત્રી અને ‘સોશિયલ ડેમોક્રેટિક ફેડરેશન’નાં નેતા

એચ.એમ.હિનડમેને સૂચવ્યું હતું કે ભારતની સ્વાતંત્રતા માટે અહી મોટા પાયા પર ચળવળ શરૂ કરવી જોઈએ. તેના પરિણામ રૂપે આ 'હોમરૂલ સોસાયટી' સ્થપાઈ હતી.

પંડિત શ્યામજી કૃષ્ણવર્મા અને તેમના સાથીદારોએ માદામ ભીખાઈજી કામા અને બેરિસ્ટર સરદારસિંહ રાણાએ વિદેશોમાં અનેક મોરચે વીસમી સદીની પહેલાં ત્રણેક દશક લગી લડાયક છટામાં કામ કર્યું હતું. પણ તેમને માત્ર પોતે પ્રકાશિત કરેલાં અખબારો પુરતું કાર્ય મર્યાદિત રાખ્યું હોત તો એ તેમની ઐતિહાસિક પ્રવૃતિ સદૈવ સ્મરણમાં રહી હોત, પણ શું તિલક મહારાજ કે શું શ્યામજી તેમને માટે પોતાનું પત્રકારત્વ પણ દેશભક્તિના પુણ્ય પ્રયાસો સાથે જોડાયેલું માધ્યમ જ હતું એ દ્રષ્ટિએ તેઓનું મૂલ્યાંકન કરવા જેવું છે.

પંડિત શ્યામજી કૃષ્ણ વર્માને ભારતીય રાજરજવાડાં અને બ્રિટીશ દમનશાહીનો પુરતો અનુભવ હતો. તિલક સાથે તેમનો વિચાર વિર્મશ જારી રહેલો બ્રિટનમાં વધુ અભ્યાસ દરમ્યાન ફ્રાંસ, આયર્લેન્ડ વગેરે જગ્યાએ પ્રદીપ્ત 'સ્વાતંત્ર્યતાના સિધ્ધાંતો'થી તેઓ આકર્ષિત થયા હતા. ભારતમાં તેમને આર્યસમાજ અને દયાનંદ સરસ્વતીનો સંપર્ક હતો.પંડિત વિદેશ ભ્રમણ અને વિદેશ-નિવાસ દરમ્યાન હર્બર સ્પેન્સર, હેવલોક એલીસ અને બીજા સમાજવાદી વિચારકોના સંપર્કમાં આવ્યાં. હર્બર સ્પેન્સરનો તેમના પર છેલ્લે સુધી પ્રભાવ રહ્યો.

'ઇન્ડીયન સોશીયોલોજીસ્ટ' એ શ્યામજી કૃષ્ણ વર્માની આગવી દેન છે.આ સામાયિકની કિંમત એક પેની જ હતી. આ સામાયિક ભારતમાં તો કોઈ બોમ્બ કરતાં પણ ખતરનાક મનાતું.બ્રિટીશ કસ્ટમે તેને પ્રતિબંધીત જાહેર કરી દેવા છતાં તે અનેક જગ્યાએ પહોંચી જતું ! પ્રથમ જ અંક (જાન્યુઆરી ૧૯૦૫)માં પંડિતજીનું તંત્રી તરીકેનું સરનામું છે - શ્યામજી કૃષ્ણવર્મા ક્વીન્સ વુડ એવન્યું, હાઈગેટ લંડન નોર્થ.

પ્રથમ તંત્રી લેખમાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે કેટલાકને આશ્ચર્ય થાય કે લંડનમાં આવું સામાયિક શા માટે? પણ ભારત અને ભરતીઓનો સાચો અવાજ પહોચાડવા આ માધ્યમ ખુબ જરૂરી છે. બ્રિટીશ લોકોને વારંવાર યાદ અપાવવાની જરૂરત પણ છે કે ભારત પર લશ્કરી શાસનથી તેઓ સફળ થવાના નથી. ડીસેમ્બર-૧૯૦૬ નો 'ઇન્ડીયન સોશિયોલોજીસ્ટ' નો અંક શ્યામજી કૃષ્ણ વર્માની દીર્ઘદ્રષ્ટિનો પરિચય આપે છે. ૧૮૫૭માં ભારતીય રજવાડાંઓએ બ્રિટીશ હકુમતની સામે તલવાર ખેંચી હતી.વડોદરા, અજમેર, ઉદેપુર વગેરેનો પંડિતજીને પોતાનેય અનુભવ હતો વડોદરા ના નરેશ સાથે તેમનો સંપર્ક રહ્યો હતો.ભારતમાં સ્વતંત્રતાની ચળવળમાં પોતાનાં રજવાડાંઓનાં પ્રશ્નો જો રાજવીઓ

જોડાય તો અગત્યનો વળાંક આવે આ હેતુથી તેમણે "ભારતીય રાજ્યો અને તેમનું સારું શાસન" એવો લેખ લખ્યો અને તે છપાયો છે.

સરદારસિંહ રાણાએ પણ પેરીસથી ફ્રેંચ ભાષામાં એક લેખ લખ્યો તેમાં એક અવતરણ દ્વારા ભારતની લુંટાતી સંપત્તી સમૃદ્ધિ માટે જવાબદાર બ્રિટીશરો સામે જયારે માથું ઉંચકશે ત્યારે શી વલે થશે એવો પ્રશ્નાર્થ કરવામાં આવ્યો. જુન-૧૯૦૮નો અંક 'ડેઈલી મેલ' નામે ના અંકમાં "ઇન્ડીયન એનાર્કી,બાય અને ઇન્ડીયન એક્સપર્ટ" મથાળા નીચે લંડન પેરિસમાં શ્યામજીની પ્રવૃતિઓનો ચિતાર લખાયો છે. તેમાં જણાવ્યું કે આ લોકો દર અઠવાડીએ પત્રિકાઓ છાપે છે. "ઇન્ડીયન સોશિયોલોજીસ્ટ" મોટા જથ્થામાં છપાય છે. 'ઇન્ડિયા હાઉસ' રાજદ્રોહીઓનું થાણું છે.

૧૯૦૮નાં વર્ષાન્તે પ્રકાશિત અંકમાં "શહીદ સ્મૃતિ સ્તંભ'' નો લેખ છે પ્રફુલ ચાકી , ખુદિરામ બોઝ, કન્હાઈલાલ દત્ત અને સત્યેન્દ્રનાથ બોઝની ભારતમાતા ને સમર્પિત આહુતિ નું કાયમી સ્મરણ રહે તે માટે 'ઇન્ડિયા હાઉસ' માં આ શહીદ સ્મારક માટે શ્યામજી કૃષ્ણવર્માએ પોતાના રૂ. ૫૦૦૦ ડોલરની જાહેરાત આ અંકમાં કરી બ્રિટીશરો જેને રાજદ્રોહી માનતા હાતા. જેમની અદાલતોએ આ યુવકોને ફાંસીની સજાઓ આપી હતી કે પોલીસની ગોળીનાં ભોગ બન્યાં હતાં તેમનીજ ભૂમિમા લંડનમાં શહીદ સ્મારકનો વિચારમાત્ર બ્રિટિશ શાસનને કેવો ખળભળાવી ગયો હશે ? ૨૩ જુલાઈ, ૧૯૦૯ નાં રોજ લંડનના ન્યાયાલયે એક ચુકાદો સંભળાવ્યો શ્યામજી કૃષ્ણવર્માના તંત્રીપણા હેઠળ પ્રકાશિત થતાં 'ઇન્ડીયન સોશિયોલોજીસ્ટ' માં સરકાર દ્રોહી-રાજદ્રોહી લખાણોની ભરમાર છે. એટલે તેના હાલના તંત્રીને સજા થવી જોઈએ એ ઇંગ્લેન્ડમાં એટલે નથી મુદ્રક-પ્રકાશકને સખત કેદની સજા ફરમાવવામાં આવે છે મુદ્રક-પ્રકાશક ભારતપ્રેમી આર્ય-એફ-હોસેલ હતા ! જેલમાં ગયા તો ગાય-દ-આલ્ફ્રેડે સુકાન સંભાળી લીધું અને સેન્ચ્યુરી પ્રેસમાં પ્રકાશન થયું તેને પણ ૨ વર્ષ માટે જેલ પડી. એટલે 'ઇન્ડીયન સોશિયોજીસ્ટે' લંડનને બદલે પેરીસથી છપાવું શરૂ થયું મદનલાલ ધીંગરાની શહાદતે (૧૬મી ઓગસ્ટ૧૯૦૯) પંડિત શ્યામજી કૃષ્ણવર્મા અને ઇન્ડિયા-હાઉસ બંનેને દુનિયાના તખતા ઉપર ઝળહળાવી દીધા. ભારતનો સુશુપ્ત આત્મા જાગી ગયો છે અને કોઈ રીતે બ્રિટીશરોની ગુલામી વેઠવા તૈયાર નથી. એ વાતની પ્રતિતિ દેશ અને દુનિયાને થઇ ચુકી હતી. રોજ રોજ ઇગ્લેન્ડ સહિતનાં તમામ અખબારો ઇન્ડિયા હાઉસ ચમકતું રહ્યું. પેરીસથી શ્યામજી કૃષ્ણવર્મા અને સાથીદારો વચ્ચે ફાટફૂટ પડાવવા બ્રિટીશ ગુપ્તચર તંત્રના પ્રયાસો સફળ થયા નહિ.

જો આજના જુવાન ગુજરાતીઓએ શ્યામજી કૃષ્ણ વર્માનું નામ સાંભળ્યું ન હોત તો એમાં આશ્ચર્ય પામવા જેવું નથી એમણે લગભગ ઈ,સ. ૧૯૦૫ ની સાલથી હિંદી પ્રજાનાં સંપૂર્ણ સ્વાતંત્ર્ય માટે પ્રજામત કેળવવા માંડ્યો અને એના પ્રચાર માટે પુષ્કળ ધન ખરચ્યું એ પ્રચાર છેક એમનું અવસાન થયુ ત્યાં સુધી એટલે કે ઈ. સ.૧૯૩૦ સુધી ચાલુ રાખ્યો હતો. એમ છતાં એમની તેજસ્વી પ્રેરણા માત્ર સાત-આઠ વર્ષ સુધી જ ટકી રહી હતી વળી શ્યામજી કૃષ્ણવર્માએ યુરોપમાં રહી હિંદી પ્રજાને ઉત્તેજીત કરી હતી. લંડન કે પેરીશમાં રહેતા રહેતા ૬૦૦૦ માઇલ દૂર આવેલા સ્વદેશને પ્રેરણા આપી શકાય જ નહી એમ જો કોઈ માની લેતું હોય, તો એ ભારે ભૂલ છે. એમના લખાણોએ જુવાન હિંદીઓનાં હૃદયોમાં આગ વરસાવી હતી અને અનેક હિંદીઓ કુરબાની આપવા માટે તૈયાર થઇને સ્વતંત્રતા માટે લડી રહ્યા હતા. જે જુવાનો એમના નિકટના સમાગમમાં આવ્યા, દા. ત. એમને સ્થાપેલા ''ઇન્ડિયા હાઉસ'' માં તે ઘણા ઉચ્ચ કોટિના દેશભક્તો નીવડ્યા હતા. શ્યામજી વર્માએ ૧૯૧૦-૧૧ પછી જે કામ કર્યું તેની અસર આપણા દેશમાં બહુ ઓછી થઇ હતી. ઈ. સ. ૧૯૦૫ થી  ૧૯૧૦ નો યશસ્વી ઈતિહાસ લગભગ ભુંસાઈ ગયો.

ઈ. સ. ૧૯૦૭ માં સુરતમાં કોંગ્રેસના ભાગલા પડ્યા. ફિરોજશાહ મહેતા અને ગોખલેની પ્રતિષ્ઠા તૂટી પડી લોકમાન્ય તિળક અરવિંદ ઘોષ અને બિપિનચંન્દ્રપાલનો સિતારો આકાશમાં ચડતો જતો હતો. લંડનમાંથી પ્રચાર અને પ્રેરણા યુરોપમાં અને હિંદમાં ફેલાઇ રહ્યાં હતાં. તે વધારે જુસ્સાદાર બનતાં હતાં. બનવા જોગ છે કે લંડનમાં જે નવજુવાનો મિત્રો થયા હતા તે શ્યામજી વર્માથી પણ આગળ વધી જાય એવા હતા. બંગાળમાં બોમ્બ પડવા માંડ્યા હતા. પિસ્તોલો પણ ફૂટવા માંડેલી. સરકાર જુલમ વરસાવી રહી હતી ને પ્રજાવધારે ને વધારે જોરથી ઉછળતી હતી યુરોપમાં પણ શ્યામજી કૃષ્ણવર્મા મોખરે ગણાવા લાગ્યા. ત્યાં પણ 'વંદે માતરમ્' અને 'તલવાર' તથા 'ગદ્દાર' જેવા સામયિકોમાં ખુલ્લાં બળવાનો પોકાર જોરશોરથી થઈ રહ્યો હતો. ૧૯૦૯ ની ૧ લી જુલાઈની સાંજે એક ઘટના બની હિન્દુસ્તાનનાં દમનખોર તરીકે જણીતા સર વિલિયમ કર્જન વાયલીનો સન્માન સમારંભ લંડનનાં ઈમ્પીરિયલ ઇન્સ્ટીટયુટમાં હતો. જ્યાં રાત્રે ૧૧ વાગ્યે 'ઈન્ડિયા હાઉસ' નાં એક છાત્ર, એક સારા ઉંચા ભણેલા પંજાબી કુટુંબના દીકરા  મદનલાલ ધીંગરાએ ચાર ગોળીયો છોડી કર્જન વાયલીનું ખૂન ભરસભામાં કર્યું ત્યાર પછી તો ઠેર ઠેર પકડા-પકડી અને તપાસ ચાલી આ હત્યા પાછળ શ્યામજી કૃષ્ણવર્માની ટોળીનો હાથ હતો. એવું કહેવામાં આવ્યું વખતસર ચેતીને 'ઇન્ડિયા હાઉસ' માંના બધા હિંદીઓ ફ્રાંસ કે બીજા દેશમાં ચાલ્યા ગયા સાવરકરે તો વધારે પડતું સાહસ

ખેડીને લંડનની છાની મુલાકાત લીધી ત્યારેએ પકડાઈ ગયા અને છેવટે અમને આંદામાનમાં ઘણા વર્ષો સુધી રહેવું પડ્યું શ્યામજી કૃષ્ણવર્મા પેરીસ ચાલ્યા ગયા પણ ત્યાં એ શાંત થયીને બેસી ન રહ્યા. એમણે વધુ ચાર શિષ્યવૃત્તિ જાહેર કરી અને નામ આપ્યું 'ધીગરા શિષ્યવૃત્તિ' !

૧૬ ઓક્ટોમ્બર, ૧૯૦૮ નાં રોજ 'બંગભંગદિન' ઉજવાયો કેકસ્ટન હોલમાં લાલા લજપતરાયે ભાષણ કર્યું બિપિનચંદ્રપાલ, સાવરકર વગેરે પણ બોલ્યા બિપિનચંદ્રપાલે કહ્યું "મારુ હૃદય અત્યારે ટિલક અને અરવિંદ જેલમાં છે ત્યાં છે ......" આજ દિવસે દક્ષિણ આફ્રિકાના હિંદીઓની સહાનુભુતિમાં મળેલી બીજી સભામાં સર મંચેરજી ભાવનગરી, સકલાતવાળા, સાવરકર, લાજપતરાય વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

ભારતમાં ખુદીરામ બોઝ, પ્રકુલ ચાઠી, સત્યેન બોઝ, કન્હાઈલાલ દત્ત વગેરેએ પરાક્રમી ઘટનાઓ સર્જીને ફાંસીના તખ્તા પર ચઢી ગયા. તેનાથી ઘણાને અરાજક્તાવાદી ચળવળ શરુ થઇ ગયાનો ડર હતો. ગોખલેએ લંડનમાં કહ્યું હતું કે શ્યામજી 'ઇન્ડિયા હાઉસ' દ્વારા આવી ચળવળને ઉતેજના આપે છે. શ્યામજીએ તુરંત ઇન્ડીયન સોશિયોલોજિસ્ટમાં (ડિસેમ્બર-૧૯૦૮) તેનો જવાબ આપતા લાખાયુ "આ તરૂણોનાં કર્યોનું વર્ણન હિંદી શત્રુઓએ ગુના તરીકે કર્યું છે. પણ ભારત પર સાચુકલો પ્રેમ દર્શાવનારા હિંદીઓએ આ કૃત્ય દેશપ્રેમ અને સદગુણ તરીકે પ્રશંસનિય માનીને વર્ણવું જોઈએ.

'ઇન્ડિયા હાઉસમાં' અનેક સ્વાતંત્ર્ય પ્રિતીનાં કાર્યક્રમો થતા સાવરકરનાં વ્યાખ્યાનો રહેતા ગુપ્ત બેઠકો અને દુનીયાનાં અલગ અલગ દેશોનાં સ્વાતંત્રવીરો સાથે સંપર્ક થતો રહે. એક આયરીશ પત્રકાર ગાય-દ-આલ્ફેડ આવતા એ સ્વાતંત્ર્ય સંગ્રામ ચળવળનું વિશ્લેષણ કરતા શ્યામજી કૃષ્ણ વર્માનાં 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' સામયિકોની તૈયારી ચાલતી, ત્યાં માદામ ભિખાઈજી કામા આવ્યા. આ તેજસ્વી પારસી સંન્નારી સાક્ષાત ઝાંસીની રાણી હતાં એ બોલતા ત્યારે જ્વાળામુખી ફાટવાનો અનુભવ થતો..... ભાઈ પરમાનંદ,લાલ હરદયાલ, સોનાપતી થાપર , વિરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય, જે.સી. મુખરજી, જ્ઞાનચંદ વર્મા, સરદારસિંહ રાણા, એમ.પી.ટી. આચાર્ય, હરનામસિંહ, આ બધાં તેજસ્વી નક્ષત્રો જેવાં વિપ્લવી પાત્રો હતાં 'ભારત ભવન' નાં આગણે !

રક્તરંજિત ક્રાંતિ અને ઉઘડતા પ્રભાતનાં સૂર્યોદયનાં 'રંગ સાથેની ઇમારત' 'ભારત ભવન' ૬૫ ક્રોમવેલ એવન્યું ઉત્તર લંડનમાં ૧ જુલાઇ ૧૯૦૫નાં રોજ ખુલ્લી મુકાઇ ત્રણમાળનુ આ મકાન, અખરોંટના વૃક્ષોથી ઢંકાયેલુ'. ગુપ્તચરતંત્ર તેને "House of mystrs" કહેવું પણ એ હતું. સ્વાતંત્ર્ય ભવન ! ત્યાં પુસ્તકાલય, સભાખંડ અને ૨૫-30

નિવાસીઓને રહેવાની વ્યવસ્થા હતી. ઉદઘાટનમાં દાદાભાઇ નવરોજી, લાલા લજપતરાય , આયરીશ નેતા ડેસ્યાર્ડ, શ્રીમતી ભિખાજી કામા બેરીસ્ટર રાણા વગેરે હાજર હતા. ઈંગ્લેન્ડમાં ત્યારે લગભગ ૭૦૦ ભારતીય યુવકો ભણતાં હતાં, લંડનમાં ૩૮૦; એડીનબરોંમાં ૧૫૦, કેમ્બ્રીજમાં ૮૫, ઓક્સફર્ડમાં ૩૨, માંચેસ્ટરમાં ૧૬, બર્મિંગહામમાં ૧૧ અને અન્યત્ર ૨૬ વિદ્યાર્થીઓમાંના મોટા ભાગના ‘ભારત ભવન' નાં કાર્યક્રમોમાં ભાગ લેતા. એ નવાઈની વાત નથી કે ઑકટોબર-૧૯૦૬માં આ ‘રાષ્ટ્રીય ગુરુકુળ’ માં ’સૌંને મળવા દક્ષિણ આફ્રિકાથી બેરીસ્ટર મોહનદાસ ગાંધી પણ આવેલા ! ત્યારે હજુ તેઓ ‘મહાત્મા’ બન્યા નહોતા, આફ્રિકાથી ‘ઈન્ડિયન ઓપિનિયન’ ચલાવતા ગાંધી તે દિવસ ભારત ભવનમાંજ રોકાયા સાવરકર અને શ્યામજીને મળ્યાં તે દિવસ પછી ‘ભારત ભવન’ ને બદલે તેમણે યુરોપની શાનદાર હોટેલોમાં રહેવાનું પસંદ કર્યું, ત્યાંથી ભારત ભવનમાં યોજાતી રવિવારની બેઠકોમાં ભાગ લીધો પણ તેમણે આ ક્રાંતિકારી વાતાવરણ પસંદ પડ્યું નહિ.

શ્યામજી કૃષણવર્માની સામે મુખ્યત્વે વીરેન્દ્ર ચટોપધ્યાયે ઘણા આક્ષેપાત્મક પત્રો લંડનના સમાચારમાં લખેલા.કેટલાકનો શ્યામજીએ જવાબ પણ આપેલો પરંતુ આ પ્રકારનાં આંતરિક કહલથી તેઓ ભિન્ન હતા. શ્યામજી વિષેનાં આક્ષેપાત્મક લખાણો મુંબઈમાં સરકાર તરફથી 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા' માં પણ પુનઃ મુદ્રિત થયા હતા તે વાંચીને એનિબેસન્ટે એક લાંબો પત્ર, ભારતથી શ્યામજીને લખ્યો. શ્યામજીએ તેનો નિખાલસ ઉત્તર આપ્યો અને નાદુરસ્ત તબિયત,વૃધ્ધાવસ્થા,સંજોગો વગેરેથી લડાયક જુસ્સો ઢીલો પડ્યાનું જણાવ્યું પણ સાથે જ લખ્યું કે મને જેઓ સંપૂર્ણ રીતે જાણે છે તેમને પાકી ખાતરી હશે કે ક્યારેય  દેશ દ્રોહી નહીં બનું ઈજીપ્તના શહીદ વારસાની-સ્મૃતિમાં મોથલ્દેને 'ઈજીપ્તની સ્વાધીનતા' વિષય ઉપર નિબંધ લખવા માટે ૧૦૦૦ ફાંક પારિતોષિક તેમણે આપ્યું.

૧૯૧૧ નાં એપ્રિલમાં શ્યામજીએ અમેરિકી પ્રમુખને ખુલ્લો પત્ર લખી ભારતની ગુલામી સામેની લડતમાં અમેરિકા સક્રીય બને તેવી અપીલ કરી એક જર્મન સામાયિકમાં પણ તેમનો લેખ છપાયો. તેથી જર્મનીમાં વસતા ભારતીઓને બ્રિટીશ વિરોધી પ્રવૃત્તિ તરફ દોરાયા. પેરીસમાં એક અફવા એવી પણ આવી કે ઇગ્લેન્ડના શહેનશાહનું ખુન કરવા શ્યામજી કોશિશ કરાવે છે. દિલ્હી દરબારમાં વડોદરાના રાજવીએ પંચમ જ્યોર્જના તાજશાસન સામે પાછા પગે જવાના શિરસ્તાને ઠુકારાવ્યો ત્યારે અખબારોએ લખ્યું કે, આ પ્રેરણા શ્યામજીની હતી ! શ્યામજીએ 'ઇન્ડિયન

સોસિયોલોજીસ્ટ' માં લખ્યું કે વડોદરા નરેશનું પગલું વ્યાજબી હતું. પણ અમે તો ૧૯૦૭થી લંડન છોડેલું છે, અમે ગાયકવાડને મળ્યા પણ નથી.

'ગદર' અખબાર ઉર્દૂ,અંગ્રેજી,ગુજરાતી ભાષામાં પ્રગટ થતું. ગુજરાતી 'ગદર' નો તંત્રી હતો, છગન મેરાજ વર્મા પોરબંદરનો જુવાન હોનોલુલુ થી કેનેડા પહોંચેલો લાલા હરદયાલનો સાથી બન્યો. 'કોમાગારા મારૂ' માં સક્રીય થયો શ્રીમતી કામાએ આ ગુજરાતી 'ગદર' નું કામ પણ થોડો વખત સંભાળેલું ! રશિયન ક્રાંતિકારી માઈલોવીચ પણ તેમની સાથે પત્ર વ્યવહાર કરતો રહ્યો હતો. છગન મેરાજ વર્મા ઘણા વર્ષો જાપાનમાં રહ્યાં 'હુસેન રહીમ' ભાગી છૂટેલા જયારે તેને ૧૯૧૦ માં કેનેડામાં પકડવામાં આવ્યા ત્યારે પોલીસ અધિકારીને કહ્યું "You drive us Hindus out of Canada and we will drive every White-man out of India" તે વાનકુંવરમાં સભાઓ ભરી સાથીઓને કહેતા "આપણું ઘર 'ભારત' મુક્ત ન હોય ત્યાં લગી કશું વળવાનું નથી" હુસેન પછી સભાઓમાં પ્રમુખ સ્થાને રહેતાં 'ગદર' ચળવળ સાથે તેમનો ગાઢ સંબંધ.

પેરિસમાં રશિયાનાં એક જાણીતા લેખક મેકિલન ગોક્રી અને શ્રીમતી મેડમ કામના સંપર્કમાં પણ એઓ આવ્યા હતા અને આની અસર પણ શ્યામજીનાં વિવિધ કર્યો પર થઈ હતી. પ્રથમ વિશ્વ યુધ્ધ વખતે શ્યામજી પેરીસ છોડી જીનીવા પહોંચ્યા સદાનાં સંગીની ભાનુમતી હતા બર્લિનમાં એમના મિત્ર પીલ્સઈએ "સ્વાધીનતા કેન્દ્ર" ખોલ્યું કે તરત શ્યામજીએ શુભેચ્છા મોકલી સને ૧૯૨૧ થી હિંદમાં અંગ્રેજો વિરુદ્ધ મહાત્મા ગાંધીજીની અસહકારની અને ત્યાર-બાદ સવિનય કાનૂનભંગની લડત શરૂ થઈ ત્યારે હિંદમાં લોકજાગૃતિ પ્રગટ થતાં પ્રજામાં અદમ્ય ઉત્સાહ જાગી ઉઠ્યો હિન્દુસ્તાને સને ૧૯૪૭ માં આઝાદી મેળવી તે પહેલાં શ્યામજીના સહકાર્યકરો સરદારસિંહ તથા મેડમ કામા વગેરેએ લંડનમાં હિન્દુસ્તાનનો રાષ્ટ્ર ધ્વજ લહેરાવ્યો હતો.

૩૧મી માર્ચ, ૧૯૩૦ માં સ્વદેશથી ઘણે દૂર એમનું અવસાન થયું શ્યામજીએ પોતાની સર્વ સંપત્તિ  જીવનભર દેશ માટે વાપરી હતી મૃત્યુ પછી એજ કર્યું એમણે વસિયતનામામાં પોતાની સંપતિનું દાન કર્યું. જીનીવા યુનિ.માં દર વર્ષે સમાજશાસ્ત્રને લગતા વિષય પરનાં મહાનિબંધ માટે ૧૦,૦૦૦ ફ્રાંક, ગરીબ ફ્રેંચ બાળકોનાં દવા-દારૂ માટે ૧૦,૦૦૦ ફ્રાંક, ભારતિય વિદ્યાર્થીઓ માટે ૨૦ લાખ રૂપીયા, સેબોન યુનિ. માટે શ્યામજીની લાઈબ્રેરીનાં ૩૧૦૦ મુલ્યવાન પુસ્તકો ભારતીય વિદ્યાર્થીઓ માટે ૫૦-૫૦ હજાર ફ્રાંકની પેરિસમાં હોસ્ટેલ, કચ્છમાં માંડવી ખાતે હોસ્પિટલ માટે એક લાખ, આમ છેલ્લામાં છેલ્લી રકમ સમાજ માટે અર્પિત કરી દીધી હતી.

સને ૧૯૩૩માં એમનાં પત્નીનું પણ ત્યાંજ અવસાન થયુ ત્યારે ઘણા દેશોમાંથી અનેક મહાપુરુષોએ એમને શ્રધ્ધાંજલી આપી હતી. હિંદના આ મહા દેશભક્ત દંપતિની સ્મૃતિમાં આજેય જિનિવાના સ્મશાનગૃહમાં બે સમાધિ એક બીજાની નજીક ગોઠવાયેલી છે. અને એમાં એક નાનકડી તકતી વાંચી શકાય છે.

શ્યામજી કૃષ્ણવર્મા ૧૮૫૭-૧૯૩૦

ભાનુમતી કૃષ્ણવર્મા ૧૮૬૨-૧૯૩૩

૧૯૪૭માં પંદરમી ઓગસ્ટે લાલકિલ્લા પર સ્વતંત્ર ભારતનો પ્રથમ રાષ્ટ્રધ્વજ ફરક્યો ત્યારે દિલ્હીમાં મેદામ કામા નહોતાં જેમણે પહેલ વહેલો રાષ્ટ્રધ્વજ સ્ટુટગાર્ટમાં ફરકાવ્યો હતો.

-- શ્યામજી ન હતા જેમણે જીવનના અંત લગી સંઘર્ષ કર્યો હતો

-- મદનલાલ પિલ્લે-હરદયાલ અય્યરતો ક્યારના શહિદિ માર્ગે વળી ગયા હતા.

-- સાવરકર હતા પણ રત્નાગીરીમાં, આંદામાનની કાળ કોટડીમાં સહન કરેલી યાતનાને જાણે કે સત્તા પર આવનારા સ્વાધીન ભારતીયો જ ભૂલી ગયા હતા !

-- સરદારસિંહ રાણા પહેલો રાષ્ટ્રધ્વજ ફરકાવનારા શ્રીમતી કામા ની સાથે સ્ટુટગાર્ટમાં હતાં.....

સ્વતંત્રભારત ૧૮૫૭ ની જન્મશતાબ્દી ઉજવી રહ્યું હતું એ વર્ષે. ૨૯ મે ૧૯૫૭ નાં દિવસે રાણાવેરાવળમાં સોમનાથની સખાતે અવસાન પામ્યા સ્ટુટગાર્ટમાં જે ધ્વજ ફરકાવ્યો હતો એ તેમણે સાચવી રાખ્યો હતો તે તેમના મૃતદેહને વિટાળવામાં આવ્યો.

શ્યામજી કૃષણવર્મા સાક્ષર નહોતા પણ પંડિત હતા ! વૈવિધ્ય પુરુષ હતા ! યુવાન વયે સંસ્કૃતમાં ભાષણ કરેલાં તેમનાં સમકાલીન મેડમ કામા (પારસી હતાં) અને બેરિસ્ટર સરદારસિંહ રાણા (લિબડીનાં હતાં) બંને ગુજરાતી કહેવાયને ! બંનેની કામગીરી પણ સરસ. શ્યામજી કૃષણવર્માએ બ્રિટીશરોની છાતી પર અખબાર બહાર પાડ્યું હતું આમાં આયર્લૅન્ડ, રશિયા અને જાપાનની વાત આવે છે અને ભારતની તો હોય જ ! આ પત્રકારનું મિશન ભારતની સ્વતંત્રતા હતું કમાવવાનું નહોતું.

શ્યામજી કૃષણવર્મા અને મોહનલાલ કરમચંદ ગાંધી વચ્ચે વિચારભેદ હતો જો કે બંને ભારતની સ્વતંત્રતામાં માનતા હતાં પરંતુ બંનેના રસ્તાઓ અલગ અલગ હતાં. ગાંધીજીએ અહિંસક ચળવળ સરું કરી હતી. તમામ પ્રયોગો કર્યા હતા. જયારે શ્યામજી કૃષણવર્મા ક્રાંતિમાં સશસ્ત્ર ક્રાંતિમાં માનતા હતા ! બંને રાષ્ટ્ર પુરુષો હતાં મહાન પુરુષો

હતા અને બંનેની બુનિયાદ એક જ હતી સ્વતંત્રતામાં ગાંધીજીએ સ્વદેશી વસ્તુઓનો વપરાશ, સમાજ પરિવર્તનનું કાર્ય કરેલું જયારે કૃષણવર્મા એ સ્કોલરશીપ દ્વારા, શિક્ષણ દ્વારા, ક્રાંતિકારીઓને બોલાવતાં સ્વાતંત્ર્ય ચેતના અંગેના કાર્યક્રમો યોજતા હતા. આ રીતે આ બન્નેની કાર્યપધધતિમાં આપણને તફાવત જોવા મળે છે.

શ્યાયજી કૃષણવર્માની સ્વાતંત્ર સંગ્રામની ક્રાંતિવીર પ્રવૃત્તિઓથી માંડવીનું નામ રોશન થતું રહ્યું છે એઓ  કચ્છના પ્રથમ સ્વાતંત્ર્યસેનાની હતા એમ કહેવુ અતિશયોક્તિ ભરેલ નથી. એમના  દેશ સેવાનાં અનેક કાર્યો અને સતત ક્રાંતિ માટેની આપેલી પ્રેરણા દેશવાસીઓને પીયૂષનું પાન કરાવતાં રહેશે. ગુજરાતનાં ગૌરવને ચાર ચાંદ લગાવનાર શ્પામજી કૃષ્ણવર્મા  હિંદુસ્તાનમાં અમર થઈ ગયા છે.

અત્યારના ભારતનાં વડાપ્રધાન અને તે સમયનાં ગુજરાતનાં મુખ્યમંત્રી  સુશ્રી નરેન્દ્રભાઈ મોદી સ્વીઝરલેન્ડનાં જિનિવા શહેરથી કચ્છી ક્રાંતિવિર શ્યામજી કૃષ્ણવર્મા તથા તેમના પત્ની સ્વ. ભાનુમતિના અસ્થિ લઈને તા. ૨૩-૦૮-૦૩ ના રોજ મુંબઈ આવેલ અને ત્યારબાદ આ ક્રાંતિવીરની વિરાંજલીં યાત્રા ગુજરાતનાં વિવિધ શહેરોમાંથી પસાર થઈ તેમનાં માદરે વતન માંડવીમાં આ અસ્થિકુંભ  તા.૪-૯-૨૦૦૩ નાં રોજ પહોંચડેલ છે.

**સંદર્ભ સૂચી**

(૧) ડિસ્ટ્રીકટ ગેઝેટીયર્સ ઓફ કચ્છ, ગુજરાત સરકાર ગાંધીનગર

(૨) વિષ્ણુ પંડ્યા 'શ્યામજી કૃષ્ણવર્મા' સરફરોશી પુસ્તક શ્રેણી, ગુજરાત રાજ્ય,વર્ષ-૨૦૦૩

(૩) 'સમભાવ' ગુજરાતી દૈનિક, તા. ૪-૧૦-૨૦૦૪, અમદાવાદ

(૪) શ્રી જિત્તેન્દ્ર વી.શાહ 'ગુજરાતી દેશભક્ત-શ્યામજી કૃષ્ણ વર્મા' 'પથિક' દિપોસ્તવી અંક વર્ષ-૧૯૯૦,પુષ્ટ-૨૫થી૨૭  (૫) શ્રી જીતેન્દ્ર વી.શાહ "રાજ દફતર ભંડારમાં પ્રકાશિત થયેલ લેખ 'ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં શ્યામજી કૃષ્ણ વર્માનું પ્રદાન'..." ગુજરાત રાજ્ય અભિલેખાગાર ખાતું , ૨૦૦૬ પુષ્ટ-૩૩ થી ૪૧

(૬) ડો. આર. કે. ધારૈયા, આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામો ખંડ-૨ (૧૯૨૦-૪૭) દ્વિતિય આવૃત્તિ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ ૧૯૮૫,

(૭) માહિતી ખાતું ગુજરાત સરકાર, સ્વાતંત્ર્ય સંગ્રામનાં લડવૈયા પરિચય ગ્રંથ-૨ (૧૯૭૬)

(૮) ડૉ. જયકુમાર શુકલ(સંપાદક) ગુજરાતનાં સ્વાતંત્ર્ય સૈનિકો (માહિતી કોશ), ગુજરાત વિશ્વાકોશ ટ્રસ્ટ  અમદાવાદ, વર્ષ -૧૯૯૮, પુષ્ટ-૨૭૫, ૨૭૬, ૩૭૧, ૩૮૨.